## મહે. શ્રી પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજ સાહેબની અદાલતમાં, મું.ભચાઉ–કચ્છ.

---

**સ્પે.દિ.દા.નં.૬/૨૦૨૦**

### આંક–૧ લગત હુકમ

(૧) વાદીએ હાલનો દાવો સને ૨૦૨૦ ની સાલમાં દાખલ કરેલ છે. આ દાવાના કામે પ્રતિવાદીઓને સમન્સ બજી ગયેલ છે અને પ્રતિવાદી નં.૨ નાઓએ હાજર થઈ તેમને પક્ષકાર તરીકે ડીલીટ કરવાની અરજી આંક–૧૨ થી આપેલ છે જે અરજીની કોપી વાદીના વિ.વકીલશ્રીએ તા.૧૮/૩/૨૦૨૦ ના રોજ રીસીવ કરેલ છે. ત્યારબાદ કોરોના મહામારીનો સમય આવતા કોર્ટ બંધ રહેલ છે અને ત્યારબાદ વાદીના વિ.વકીલશ્રી તા.૨૪/૧૧/૨૦૨૧ ના રોજ હાજર રહેલ છે અને ત્યારપછી પણ પ્રતિવાદીએ રજુ રાખેલ આંક–૧૨ ની અરજીનો જવાબ આપેલ નથી અને સતત ગેરહાજર રહેલ છે તેથી પ્રતિવાદીએ આંક–૧૪ થી વાદીનો દાવો ડીસમીસ કરવા પણ અરજી આપેલ છે. આમ, કેસનું પ્રોસીડીગ્સ જોતા વાદી છેલ્લા ઘણા સમયથી હાજર રહેતા ન હોય તેમજ આજરોજ પણ વાદીનો પોકાર કરાવતા વાદી કે વાદીના વિ.વકીલશ્રી હાજર ન હોય કે કોઈ મુદત રીપોર્ટ રજુ રાખેલ ન હોય, વાદીને દાવો આગળ ચલાવવામા રસ ન હોય તેમ જણાઈ આવતુ હોય, આથી નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

### –:: હુકમ ::–

વાદીનો દાવો વાદીના કસુર અથે સી પી સી ઓર્ડર–૯ રૂલ–૫ મુજબ સદર દાવો ડીસમીસ ફોર ડીફોલ્ટ ગણી ફેંસલ કરવામા આવે છે તેમજ પેન્ડીંગ તમામ વચગાળાની અરજીઓ પણ આથી તે રીતે ડીસ્પોઝ ઓફ કરવાનો હુકમ કરવામા આવે છે.

ખર્ચ અંગે હુકમ નથી.

હુકમ આજરોજ તા.૨૦ મી, માહે–એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તા.૨૦/૦૪/૨૦૨૬ સહી/–

મુ.ભચાઉ–કચ્છ. **(વિશાલકુમાર યોગેશકુમાર ત્રિવેદી )**

**પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,ભચાઉ–કચ્છ.**

**કોડ નં.જી.જે.૦૧૨૮૭**